# પ્રાંતિજના કમાલપુર પાસે ગમ્ખવાર અકસ્માત

## ટ્રક અને વર્નાકાર વચ્ચે અકસ્માત : રેતી ભરેલ ટ્રક અકસ્માત બાદ કાર ઉપર પલ્ટી ખાતાં કારમાં સવાર બે દટાયા

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના સ્થાનિક લોકોની મદદથી કારમાં ફસાયેલા બન્ને ને બહાર કાઢવામાં આવ્યા હતાં અને ૧૦૮ મારફતે હિંમતનગર બાજુથી આવતી વર્નાકાર નંબર જીજે.૧.એચઓ. ૭૫૫૫ કે અમદાવાદ તરફ જઈ અને કારમાં રેતી રેતી થઈ હતી જયારે કારમાં સવાર મહમદ રફીદ હુસેન મીયા શેખ રહે. હતાં અને ૧૦૮ મારફતે બન્નેને સારવાર અર્થે પહેલાં પ્રાંતિજ ખાતે ખસેડવા આવ્યાં હતાં અને વધુ







કમાલપુર પાસે રાત્રીનાં સમયે રેતી ભરેલ ટ્રક અને વર્નાકાર વચ્ચે અકસ્માત થતા કારનો કુચડો થઈ ગયો હતો અને રેતી ભરેલ ટ્રક કાર ઉપર પલ્ટી જતાં કારમાં સવાર બે દબાયા હતાં જયારે જેસીબી અને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ - હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ ચોકડી ઉપર રેતી ભરેલ ટ્રક અને રહી હતી તે સમયે રેતી ભરેલ ટ્રક અચાનક આવી જતા બન્ને વચ્ચે ધડાકા ભેર અકસ્માત સર્જાયો હતો અને કારનો કુચડો થઈ ગયો હતો અને રેતી ભરેલ ટ્રક કાર ઉપર પલ્ટી ખાઈ જતા કાર નીચે દટાઈ હતી શાહઆલમ, અમદાવાદ અને અલીહસન શકીલ અહેમદ અંસારી રહે. રામોલ , અમદાવાદ બન્ને કારમાં દબાયા હતાં જયારે જેસીબી મશીન અને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યાં સારવાર અર્થે અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયારે અકસ્માત બાદ ટ્રાફિક જામ થતા પ્રાંતિજ પોલિસ પણ ધટનાસ્થળે દોડી આવી હતી અને ટ્રાફિક ખુલ્લો કરવામાં આવ્યો હતો.

# આઠ વર્ષ બાદ પાર્થિવ પટેલ ટેસ્ટ ટીમમાં સમાવેશ

અમદાવાદ, તા. ૨૩

અગાઉની છેલ્લી મેચ બાદ આઠ વર્ષના લાંબા ગાળા બાદ અને છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચના ચાર વર્ષ બાદ ગુજરાતના વિકેટ કિપર પાર્થિવ પટેલનો ભારતીય ટેસ્ટ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૭ અને ૧૫૩ દિવસની વયે તે ૨૦૦૨માં ટેસ્ટ ક્રિકેટમાં રમનાર સૌથી યુવા વિકેટ કિપર બન્યો હતો. હવે તે જો તેને તક મળશે તો બીજો સૌથી મોટી વયનો વિકેટ કિપર પર બનવાની સિદ્ધિ મેળવશે. સહા ઈજાગ્રસ્ત થયા બાદ તેની જગ્યાએ પાર્થિવ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશાખાપટ્ટનમમાં ઈંગ્લેન્ડ સામે બીજી ટેસ્ટ મેચ દરમિયાન તે ઘાયલ થયો હતો. તે ત્રીજી ટેસ્ટમા રમશે નહીં. ગૌતમ ગંભીરને પડતો મુકી દેવામાં આવ્યો છે. ભુવનેશ્વર કુમારની ટીમમાં એન્ટ્રી થઈ છે. માત્ર એક જ ફેરફાર ટીમમાં કરવામાં આવ્યો છે. બીસીસીઆઈએ કહ્યું છે કે સાવચેતીના પગલાંરૂપે સહાને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. જેથી આગામી ટેસ્ટ મેચમાં તે રમનાર નથી. પાર્થિવ પટેલ ત્રીજી ટેસ્ટ મેચમાં સામેલ થશે. આ ટેસ્ટ મેચ ૨૬મી નવેમ્બરથી મોહાલીમાં રમનાર છે. ૩૧ વર્ષીય પાર્થિવ પટેલ અન્ય વિકેટ કિપરોની તુલનામાં વધારે સફળ રહ્યો છે.

વર્તમાન રણજી ટ્રોફી સિઝનમાં દિલ્હી માટે ૧૯ વર્ષીય ઋષભ પંથે ત્રેવડી સદી ફટકારી હતી. આ ઉપરાંત ૪૮ બોલમાં સદી ફટકારી હતી. મધ્ય પ્રદેશના નમન ઓઝા પણ દાવેદાર હતો. ઓઝાએ છેલ્લી ટેસ્ટ મેચ અગાઉ સહાની જગ્યાએ રમી હતી. તમિલનાડુના દિનેશ કાર્તિકને પણ તક હતી પરંતુ પાર્થિવ પટેલ વધારે ફિટ દેખાયો છે. પાર્થિવ પટેલે ૨૦૦૮ ઓગસ્ટમાં છેલ્લે ટેસ્ટ મેચ રમી હતી. રણજી ટ્રોફીની ૨૦૧૬-૧૭માં સારી શરૂઆત કરી હતી. પાર્થિવ પટેલે આ ગાળામાં તમામને પ્રભાવિત કર્યા હતા. ભારતી ટીમ નીચે મુજબ છે. ભારતીય ક્રિકેટ ટીમમાં વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી.

અત્રે નોંધનિય છે કે વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી




ટેસ્ટ મેચમાં ભારતે શાનદાર જીત મેળવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં વર્તમાન શ્રેણીમાં ૧-૦ની લીડ ધરાવે છે. પાંચ ટેસ્ટ મેચોની આ શ્રેણી ખૂબ જ રોમાંચક બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. એકબાજુ ઈંગ્લેન્ડ પર ભારતે આજે વર્ચસ્વ જમાવી લીધું છે. બીજી બાજુ ઈંગ્લેન્ડ આ શ્રેણીમાં વાપસી કરવા ઈચ્છુક છે.

ભારત : વિરાટ કોહલી (કેપ્ટન), રહાણે, રાહુલ, ચેતેશ્વર પુજારા, મુરલી વિજય, કરૂણ નાયર, પાર્થિવ પટેલ, અશ્વિન, રવિન્દ્ર જાડેજા, જયંત યાદવ, અમિત મિશ્રા, મોહંમદ સામી, ઉમેશ યાદવ, ઈશાંત શર્મા, ભુવનેશ્વર કુમાર, હાર્દિક પંડ્યા.

# ભાજપ સરકારના નોટબંધીના તઘલખી નિર્ણય સામે કોંગ્રેસનો વિરોધ

અમદાવાદ, તા. ૨૩

રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટ બંધીના અપરિપક્વ-તઘલખી નિર્ણયોને કારણે દેશના કરોડો નાગરિકો અને ખાસ કરીને ગુજરાતની ૬ કરોડ નાગરિકો પારાવાર મુશ્કેલીનો ભોગ બની રહ્યા છે. ત્યારે નોટબંધીથી ત્રાહિમામ જનતાને રાહત મળે, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા અવવ્યસ્થા દૂર કરે, બેંકો વધારાના કેશ કાઉન્ટરો ખોલે, તેવી માંગ સાથે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતન રાવલના નેતૃત્વ હેઠળ આજરોજ ૪ કલાકે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની મુખ્ય કચેરી, ઈન્કમટેક્ષ સર્કલ ખાતે ડાંગર પકવતા ખેડૂતોએ 'ડાંગર જમાની સામે નાણા' 'પશુ પાલકોએ 'દૂધની સામે નાણાં' શાકભાજી પકવતા પરિવારોએ 'શાકભાજીની સામે નાણાં'ની માંગ કરતા દૂધ-શાકભાજી અને અનાજ રસ્તાઓ પર ઢોળીને ભાજપ સરકારના નોટબંધીના તઘલખી નિર્ણયનો આક્રોશપૂર્વક વિરોધ કર્યો હતો.

જે રીતે પ્રજાની હાલાકીમાં વધારો થઈ રહ્યો છે છતાં જોઈએ તેવા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા પગલાં ભરવાની ગંભીરતા દાખવવામાં આવતી નથી ત્યારે આક્રોશ કાર્યક્રમમાં અમદાવાદ શહેર પ્રમુખ ચેતન રાવલ, પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, વિધાનસભાના પૂર્વ નેતા નરેશભાઈ રાવલ, ધારાસભ્ય શૈલેષ પરમાર, અમિત ચૌધરી, સાગરભાઈ રાયકા, ડૉ. જીતુભાઈ પટેલ, ડૉ. મનિષ દોશી, હરિભાઈ ચૌધરી, ડૉ. સી.જે. ચાવડા, ડૉ. હિમાંશુ પટેલ, રામાજી ઠાકોર, યુથ કોંગ્રેસના ભૂમન ભટ્ટ, પાર્થિવરાજસિંહ કઠવાડીયા, કાઉન્સીલરો, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની સામે લાંબા સમય સુધી સૂત્રોચ્ચાર, દેખાવો કર્યા હતા. પોલીસ તંત્ર સાથે કાર્યકરોને ઘર્ષણ થયું હતું. ચેતન રાવલ, દિનેશ શર્મા, ડૉ. મનિષ દોશી, કાઉન્સીલ ગોવિંદભાઈ પરમાર, અજરાબેન, જમનાબેન વેગડા, જે.ડી. પટેલ સહિત ૨૦૦થી વધુ કાર્યકર-આગેવાનોની અટકાયત થઈ હતી.

# નગરપાલિકા-મહાનગરપાલિકામાં વેરાઓની ૪૮૬ કરોડની આવક

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં મહાપાલિકા અને નગરપાલિકાઓમાં જુની નોટો સ્વિકારવામાં આવતા અત્યાર સુધીમાં કુલ ૪૮૬ કરોડની કરવેરાની આવક થવા પામી છે.

આ અંગેની વિગતો આપતા રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો ચલણમાંથી રદ કરવામાં આવ્યા બાદ રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં વેરાઓ ભરવા માટે રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો લેવા માટેની યોજના બનાવતા લોકોએ વેરાઓ ભરવાની શરૂઆત કરતાં મહાપાલિકા નગર પાલિકાઓને ૪૮૬ કરોડની આવક થવા પામી છે.

તેમણે જણાવ્યુ હતુ કે અમદાવાદ મ્યુ. કોર્પો.ને રૂ. ૧૬૧ કરોડ સુરત કોર્પોરેશનને રૂ. ૧૪૮.૩૦, વડોદરા મ્યુ. કોર્પોરેશનને ૧૯ કરોડ, રાજકોટ મ્યુ. કોર્પોરેશનને ૩૭ કરોડ, જામનગર મ્યુ. કોર્પોરેશનને રૂ. ૧૦.૩૨ કરોડ, ભાવનગર મ્યુ. કોર્પોરેશનને રૂ. ૮.૦૨ કરોડ, જૂનાગઢ મ્યુ. કોર્પોરેશનને રૂ. ૪.૧૬ કરોડ અને ગાંધીનગર મ્યુ. કોર્પોરેશનને રૂ. ૩.૨૬ કરોડની વેરાની આવક થવા પામી છે.





શુભેચ્છા મુલાકાત : જયસ્વાલ સમાજના પદાધિકારીઓએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લઈ રાજ્યના વિકાસ માટે સમાજનું સમર્થન આપ્યું હતું. સાથો સાથ સમાજના વિકાસ માટે રાજ્ય સરકારના સહયોગની અપેક્ષા પણ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌ સમાજનો સાથ લઈ ગુજરાતના વિકાસમાં વધુ એક કદમ ઉઠાવવાની અભિલાષા વ્યક્ત કરી હતી.

## આક્રોશ દિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમોને આગળ વધારવા માટે કોંગ્રેસે જાહેરાત કરી છે. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદગ સંસદમાં એકમત થઈને હોબાળો મચાવી દીધા બાદ હવે વિરોધ પક્ષોએ આજે સવારે સરકારના નિર્ણય સામેના વિરોધમાં જોરદાર ધરણા કર્યા હતા. ૧૩ વિરોધ પક્ષોના ૨૦૦થી વધારે સાંસદો બુધવારે દેખાવમાં જોડાયા હતા. સંસદ ભવન સંકુળમાં ગાંધીની પ્રતિમા સામે ધરણા શરૂ કરવામાં આવ્યા હતા. આ ધરણા કરવાની રણનિતી મંગળવારના દિવસે જ તૈયાર કરી લેવામાં આવી હતી. કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને આ વિરોધ પ્રદર્શન અને ધરણા વેળા જ વિરોધ પક્ષોએ એકમત થઈને ૨૮મી નવેમ્બરના દિવસે આક્રોશ દિવસ મનાવવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે. બીજી બાજુ નોટબંધીના મુદ્દા પર આજે પણ ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. જેના કારણે સંસદના બંને ગૃહોની કામગીરી યથાવત રીતે ખોરવાઈ ગઈ હતી.

## અંધાધૂંધી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહેવાની જરૂર પડશે. બીજી તરફ આરબીઆઈ તરફથી વારંવાર એવી જાહેરાત કરવામાં આવી રહી છે કે,તમામ બેંકોને પુરતી કરન્સી આપવામાં આવશે.આમ છતાં આજે પંદરમા દિવસે પણ અમદાવાદ શહેરની અનેક બેંકો સુધી કરન્સીનો સપ્લાય પુરતા પ્રમાણમાં ન થતાં બેંકોનો સ્ટાફ પણ હવે મુંઝાઈ રહ્યો છે.આ અંગે મળતી માહીતી મુજબ,અમદાવાદ શહેરમાં એક અંદાજ પ્રમાણે ૧૧૫૦ ઉપરાંત એટીએમ આવેલા છે આ પૈકી મોટાભાગના બંધ જોવા મળી રહ્યા છે.આ મામલે નિષ્ણાતોનું માનવું છે કે,શહેરના ૭૦ ટકાથી વધુ એટીએમમાં રિકેલિબ્રેશનનું કામકાજ પુરૂ થઈ ગયું છે.પરંતુ આરબીઆઈ તરફથી જે પ્રમાણે કરન્સી આવવી જોઈએ તે પ્રમાણે આવી રહી નથી.

## ફંડ અપાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલાંની જાહેરાત કરી હતી. નાણાંકીય બાબતોના સેક્રેટરી શક્તિકાંત દાસ દ્વારા આ તમામ પગલાંની આજે જાહેરત કરવામાં આવી હતી. પત્રકાર પરિષદમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી

હતી. દાસે કહ્યું હતું કે સરકારે હવે ખેડૂતોને ફંડ આપવા માટે પગલાં લીધા છે. ખેડૂતો માટે જે રાહતો જાહેર કરવામાં આવી છે તે મુજબ હવે નેશનલ રૂરલ બેંક નાબાર્ડ મારફતે ખેડૂતોને ફંડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા સહકારી બેંકોને ૨૧,૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. આ ઉપરાંત પેક્સ નેટવર્ક એક્ટીવ કરવામાં આવશે. પાક લોન લેવા માટે બેંકોની એક લિસ્ટ પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત પણ શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે. ઈવોલેટ્સ ક્ષમતાને બેગણી કરવામાં આવી છે. ફિચર ફોન ઉપર ઈલેક્ટ્રોનિક લેવડ દેવડ માટે સર્વિસ ચાર્જ ફ્રી કરવાનો માર્ગ મોકળો કરવામાં આવ્યો છે. આ તમામ પગલાંથી સામાન્ય લોકોની સ્થિતિમાં સુધારો થશે. હવે ડેબીટ કાર્ડ ઉપર સર્વિસ ચાર્જ લાગુ થશે નહીં. રૂપેકાર્ડના સ્વીચીંગ ચાર્જ સંપૂર્ણપણે દુર કરવામાં આવ્યા છે. ૩૧મી ડિસેમ્બર સુધી ફોનથી કરવામાં આવતા પેમેન્ટ પણ હવે કોઈ ચાર્જ લાગુ થશે નહીં. ઈવોલેટ્સમાં ૧૦,૦૦૦ રૂપિયાના બદલે ૨૦,૦૦૦ રૂપિયા સુધી જમા કરી શકાશે. ૩૧મી ડિસેમ્બર સુધી ઓનલાઈન ટિકિટ પર સર્વિસ ચાર્જ લાગુ કરવામાં આવનાર નથી. સરકાર અથવા તો સરકારી એજન્સીઓ દ્વારા કોઈપણ પ્રાઈવેટ યુનિટને ડિઝીટલ પેમેન્ટ તરીકે ફેરવી દેવામાં આવશે.

# ખેડૂતોના ઉભા પાકને રોઝ અને ભુંડથી બચાવવા કૃષિ પાક રક્ષણ યોજના જાહેર

ગાંધીનગર, તા. ૨૩

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને વન મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, રાજયના ખેડૂતોના ઉભા પાકને રોઝ અને ભુંડ દ્વારા જે નુકશાન કરવામાં આવે છે તે સંદર્ભે ખેડૂતોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા કૃષિ પાક રક્ષણ યોજના અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે, અને આ યોજના હેઠળ આગામી ત્રણ વર્ષમાં રૂ.૭૫૦ કરોડનો ખર્ચ પણ કરવામાં આવશે.

આજે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપણા હેઠળ મળેલ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ કિસાનલક્ષી વધુ એક નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં નીતિનભાઈ પટેલે ઉમેર્યુહતુ કે દેશના ઘણા રાજયોમાં તથા ગુજરાતમાં રોઝ અને ભુંડની સંખ્યા ઘણી બધી છે જે ખેડૂતોના ઉભા પાકને નુકશાન કરે છે. અને ખેડૂતોને નાણાકીય નુકશાનનો સામનો કરવો પડે છે ત્યારે આ યોજના કિસાનો માટે આશિર્વાદરૂપ પુરવાર થશે.

નાયબ મુખ્યમંત્રી અને વન મંત્રીએ ઉમેર્યુ હતુ કે, રોઝ અને ભુંડથી ખેડૂતોના પાકને રક્ષણ આપવા ભુતકાળમાં છુટીછવાઈ વ્યકિતગત યોજનાઓ મંજૂર કરવામાં આવતી હતી જેમાં કિસાનો અને રાજ્ય સરકારના ૫૦-૫૦ ટકા લેખે ફંડ ફાળવવામાં આવતો હતો, પરંતુ રાજ્યના ધારાસભ્યો, ખેડૂતો અને કિસાન સંઘો દ્વારા રજુઆતો કરાતાં રાજ્ય સરકારે આ નવી ક્લસ્ટર યોજના મંજૂર કરી છે, જેમાં આ વર્ષે રૂ.૨૫૦ કરોડ અને પછીના બે વર્ષમાં પણ રૂ.૨૫૦ કરોડ લેખે ગ્રાન્ટ ફાળવવામાં આવશે જેમાં કિસાનોનો ૫૦% હિસ્સો અને રાજ્ય સરકારનો ૫૦% હિસ્સો રહેશે. આ યોજનામાં રનીંગ મીટરના રૂ.૨૧૯ ના દરને બદલે હવે રૂ.૩૦૦ પ્રતિ મિટર ચુકવવામાં આવશે, જે વાડ નીચેના ભાગમાં જાળી અને ૬ ફુટથી વધુ ઉંચાઈની હોઈ રોઝડા અને ભુંડ બંનેને અટકાવી શકાશે અને કિસાનોના પાકનું રક્ષણ થશે. હવેથી અરજીઓ જુથમાં સ્વીકારવામાં આવશે જેનો વિસ્તાર ૧૫ થી ૩૦ હેક્ટર અથવા તેથી વધુ હોવો જોઈએ જેને તાત્કાલિક મંજૂરી આપવામાં આવશે.

## ગ્રાહકો પરેશાન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રકમ આપી શકતી નથી. એક અઠવાડિયામાં ચોવીસ હજાર જેટલી રકમ ઉપાડવાની મંજુરી અપાઈ છે પરંતુ મોટાભાગની બેંકોમાં પૈસા પુરા થઈ ગયા છે. બેંકો તેમના ગ્રાહકોને પૈસા આપવા અસમર્થ બની છે. નવી કરન્સી મર્યાદિત સ્વરૂપમાં બેંકોને આપવામાં આવી રહી છે. જે માંગ પ્રમાણે ખુબ જ ઓછી હોવાથી ગ્રાહકોને ચોવીસ હજારની જગ્યાએ બે-ત્રણ કે પાંચ હજાર રૂપિયા આપી સમજાવાઈ રહ્યા છે.

બેંકમાં ઉપલબ્ધ રોકડ પ્રમાણે દરરોજ સવારે જે તે બેંકના અધિકારી તેમના ગ્રાહકોને આજે કેટલા રૂપિયાની રોકડ આપવી તે નક્કી કરે છે અને તે પ્રમાણે જ આખો દિવસ વ્યવહાર ચાલે છે. એટીએમમાં પૈસા નથી ત્યારે લોકો બેંકો તરફ આશા રાખી રહ્યા છે. બેંકો રોકડ નથીનું કારણ આપી નવી કરન્સીનું વિતરણ મર્યાદિત કરી રહ્યા છે. દરરોજ મોટા પ્રમાણમાં રોકડની જરૂરીયાત હોય તેવા ધંધા રોજગાર છેલ્લા પંદર દિવસથી ઠપ્પ થઈ ગયા છે. મોટી મોટી કન્સ્ટ્રકશન સાઈટ બંધ થઈ ગઈ છે. મજૂરો-કારીગરો બેકાર થઈ ગયા છે. વેપારીઓએ ધંધો સિમિત કરી નાખ્યો છે અથવા ઉધારી શરૂ કરી છે.

જેમના ઘરે લગ્નો છે તે પરિવારની હાલત તો ખૂબ જ કફોડી બની છે. બેંકો રોકડ આપતી ન હોવાથી બેંકોમાં દરરોજ ઘર્ષણના દશ્યો સર્જાય છે. ગ્રાહકો દલીલબાજી કરે છે તો બેંકના અધિકારીઓ રોકડના અભાવનું કારણ હાથ ધરે છે. બેંકમાં બેલેન્સ તો છે પરંતુ પોતાના જ પૈસા માટે ગ્રાહકોએ વારંવાર બેંકના ધક્કા ખાવા પડી રહ્યા છે. આ પરિસ્થિતિ ક્યારે સુધરશે તેની ચિંતા સૌને સતાવી રહી છે.

## કડક તાકિદ... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બન્ને અધિકારીઓએ લવારપુર ખાતે ઈકોલોજી કમિશન દ્વારા બનાવાયેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે બંધ થઈ જવા પામેલ છે તેની પણ મુલાકાત લઈ અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

આ બાબતે ઈકોલોજી કમિશન સાથે ટુંકમાં જ બેઠક યોજી આ પ્લાન્ટ કાર્યરત થાય તે દિશામાં કાર્યવાહી કરવા માટેના સંકેતો ગ્રામજનોને આપ્યા હતા.

લવારપુરમાં ગંદકી તેમજ મચ્છરોની ઉત્પત્તિ જોઈ આ અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે તાત્કાલિક પગલાં લેવા માટે અધિકારીઓને જણાવ્યુ હતુ. સ્વચ્છતા માટે પંચાયતને કડક તાકીદ કરી હતી.

આ પછી અધિકારીઓએ રાંધેજા ગામની મુલાકાત પણ લીધી હતી. તેમણે પ્લાસ્ટિકના ઉપયોગ અંગે દંડનીય કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત ગામમાં સ્વચ્છતા માટે સુઆયોજિત રીતે અભિયાન કરી સ્વચ્છ ગામ બનાવવા માટે પણ તાકીદ કરી હતી.

## કલર કોડ... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ વન તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો આસપાસ ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટર આસપાસના વિસ્તારમાં પણ ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. જયારે બીજા તબક્કામાં સેકટરોના આંતરિક વિસ્તારોમાં પણ ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે. વનતંત્ર દ્વારા ફેન્સીંગના કામ માટે વિભાગને દરખાસ્ત કરી દેવામાં આવી છે. નવી ફેન્સીંગ માટે નવો કલરકોડ પણ નક્કી કરી દેવાયો છે. જેમાં ફેન્સીંગની થાંભલીઓમાં નીચે લીલો તેમજ ઉપર પીળો કલર કરવામાં આવશે. જેથી વન આરક્ષિત જગ્યાનો લુક બદલાઈ જશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૯૫ લાખનો ખર્ચ થશે.

# મહેસૂલી પ્રક્રિયાને સુગમ બનાવવા મહત્વના નિર્ણયો લેવાયા

સામાન્ય જનતાને સ્પર્શતા મહેસૂલ સંબંધી વહીવટી પ્રશ્નોમાં વહીવટી સરળતા, પારદર્શિતા અને વધુ સંવેદનશિલતા લાવવાના હેતુથી તથા પારદર્શી મહેસૂલી વહીવટની પ્રજાને અનુભૂતિ થાય એ દિશામાં રાજય સરકારના મહેસૂલ વિભાગે અલગ અલગ ત્રણ પરિપત્રો કરીને મહત્વના નિર્ણય સાથે કેટલાક નવીન સુધારાઓ કર્યા છે. આ સુધારાઓ અંતર્ગત જમીનધારકને તેની જમીનના હુકમની હુકમ કરનાર અધિકારી દ્વારા જ દફતરમાં નોંધ પાડવામાં આવે તે હેતુથી કેટલાક નકકર પગલા લીધા છે તે મુજબ ૧-૪-૨૦૧૭ પહેલા જે હુકમો થયા હોય અથવા થવાના હોય તેની નોંધો જે તે હુકમ કરનાર સક્ષમ અધિકારીની કચેરી જ કરશે તેમ મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. મહેસૂલ સંબંધી વહીવટને વધુ સુગમ બનાવવા લેવાયેલા અન્ય નિર્ણયોની વિગતો આપતા ચુડાસમાએ ઉમેર્યુ છે કે, નોંધના કાગળો પૈકીના અગત્યના દસ્તાવેજો ફરજીયાતપણે સ્કેન કરવાના રહેશે તેથી જરૂરિયાત સમયે દસ્તાવેજો મેળવી શકાય. ભળતા નામ - અટકના આધારે જમીન વેચાણના કિસ્સાઓને નિવારવા નકકી કરવા ખાતેદારો મરજિયાતપણે પોતાનો આધાર કાર્ડ નંબર આપવા માંગે તો તેમની જમીનની વિગત સાથે ચકાસણી કરીને તેને લીંક કરવામાં આવશે, જેનાથી ખોટી વ્યકિત દ્વારા થતા ફ્રોડ રોકવામાં મોટી સફળતા મળશે.

આવા કિસ્સાઓમાં ખાતેદારો જયારે ૭/૧૨ની નકલ લેવા જાય ત્યારે, દસ્તાવેજ રજિસ્ટર કરાવે ત્યારે, ઈ-ગ્રામ સેન્ટર પર જનસેવા કેન્દ્રમા ઈ-ધરા કેન્દ્રમાં આધાર કાર્ડનો નંબર નોંધાવી શકશે. આમ હુકમી નોંધો, રેકર્ડનું સ્કેનીંગ તેમજ આધાર સીડીંગ કરીને નાગરિકોને સુરક્ષાત બક્ષવા તથા પારદર્શિતા લાવવા મહેસૂલ વિભાગે આ પ્રકારના મહત્વના નિર્ણયો લીધા છે. સંબંધિત મહેસૂલી અધિકારી દ્વારા જે નોંધો દાખલ કરવાની રહેશે તેમાં જમીન ફાળવણી, બિનખેતી, શરતબદલી, સરવે સુધાર, જમીન ખાલસા, લીઝ ભાડા પટ્ટો, પ્રમોલગેશન, આરટીએસનો હુકમ, તથા જમીન સંપાદનના વિવિધ હુકમોનો સમાવેશ થાય છે.


## બાયડ નગરપાલિકા, બાયડ

**જાહેર નોટીસ**

(ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કમલ ૨૭૧ (ઢ) અન્વયે કલમ ૯૯(૮) મુજબ)

આથી બાયડ નગરપાલિકા હદમાં મિલકતો ધરાવનાર તથા હિત સંબંધ ધરાવનાર તેમજ રહેનાર સર્વેને જાણ કરવામાં આવે છે કે, બાયડ નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૧ (ઢ) મુડબ નિયમો નક્કી કરી કલમ ૯૯ (૮) મુજબ ડ્રેનેજ ટેક્ષ નાખવા અને અનુસુચિ મુજબ ટેક્ષ વસુલવા તા. ૧૦/૧૦/૨૦૧૬ના સામાન્ય સભાના ઠરાવ નં. ૬૫થી નિર્ણય લીધેલ છે. જેની વિગતવાર માહિતી કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ છે. જે કચેરીના કામકાજના દિવસો દરમિયાન જોવા મળશે. આ અંગે જે કોઈ મિલ્કત ધારકને નિયમો તેમજ સુચિત વેરા નાખવા સામે વાંધા સુચન હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાથી ૧ (એક) મહિનાની અંદર નગરપાલિકા કચેરીએ મળે તે રીતે મોકલી આપવા નોંધ લેવી. મુદત બાદ આવેલ વાંધા સુચનો વિચારણામાં લેવામાં આવશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : બાયડ
તા. ૨૧/૧૧/૨૦૧૬

| શ્રી એલ.બી. દેસાઈ | શ્રી અરવિંદભાઈ આર. પ્રજાપતિ | શ્રીમતી જ્યોતિકાબેન જે. પટેલ | શ્રી વરણ એસ. પટેલ |
|---|---|---|---|
| ચીફ ઓફીસર | કરોબારી અધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ |
| બાયડ નગરપાલિકા | બાયડ નગરપાલિકા | બાયડ નગરપાલિકા | બાયડ નગરપાલિકા |